

# ટ્રાય કલરથી સજાવો નેલ્સ



**સ્વતંત્રતા દિવસ માત્ર રાષ્ટ્રીય ગર્વનું પ્રતીક નથી પરંતુ આપણી સંસ્કૃતિ અને દેશપ્રેમને જુદી જુદી રીતે વ્યકત કરવાનો ખાસ અવસર પણ છે. આ દિવસે આપણે ત્રિરંગા રંગના આઉટફિટ્સ પહેરીએ છીએ, પારંપરિક લુક અપનાવીએ છીએ અને સોશ્યલ મીડિયા પર દેશભક્તિ સંબંધિત ફોટા, મેસેજ શેર કરીએ છીએ. જો તમે તમારા લુકમાં કંઈક નવું અને ટ્રેન્ડી કરવા ઈચ્છતાં હો તો દેશભક્તિ થીમવાળી નેલ આર્ટ એક સારો વિકલ્પ છે.**

આજકાલ નેલ આર્ટ માત્ર ફેશનનો એક ભાગ જ નથી પરંતુ આપણી ક્રિએટીવીટી દર્શાવવાની એક સ્ટાઈલિશ રીત પણ બની ગઈ છે. ત્રિરંગાના ત્રણ રંગ- કેસરી, સફેદ અને લીલાથી બનાવેલી ખૂબસૂરત ડિઝાઈન માત્ર આકર્ષક જ લાગતી નથી પરંતુ તમારા દેશપ્રેમને પણ ખૂબસૂરતીથી દર્શાવે છે. ઘણી ડિઝાઈન તો એટલી સહેલી હોય છે કે તમે ઘરે પણ એ કરી શકો છો. જો તમે કોલેજ, ઓફિસ, સ્કૂલ ફંક્શન, સોસાયટી સેલિબ્રેશન કે રેગ્યુલર ગેટ ટુ ગેધરમાં સ્પેશ્યલ દેખાવા ઈચ્છતાં હો તો આ દેશભક્તિ નેલ આર્ટ આઈડિયાઝ તમારા લુકને સ્ટાઈલિશ અને યાદગાર બનાવી શકે છે.

## ક્લાસિક ત્રિરંગા નેલઆર્ટ

ક્લાસિક ત્રિરંગા નેલ આર્ટ સૌથી સહેલી અને લોકપ્રિય ડિઝાઈન છે. એમાં દરેક નખ પર કેસરી, સફેદ અને લીલા રંગની સ્ટ્રાઈપ્સ કરવામાં આવે છે. વચ્ચેના નખ પર નેલ બ્રશ કે નેલ સ્ટીકરથી અશોક ચક્ર બનાવી ડિઝાઈનને વધારે આકર્ષક બનાવી શકાય છે. દરેક ઉંમરની મહિલા અને છોકરીઓ પર આ ડિઝાઈન ખૂબસૂરત લાગે છે.



## ઓમ્બ્રે ત્રિરંગા નેલ ડિઝાઇન

જો તમે મોડર્ન અને ટ્રેન્ડી લુક ઈચ્છતાં હો તો ઓમ્બ્રે નેલ આર્ટ ટ્રાય કરો. એમાં સ્પંજથી કેસરી, સફેદ અને લીલા રંગ એકબીજા સાથે બ્લેન્ડ કરવામાં આવે છે. જેનાથી ગ્રેડિઅન્ટ ઈફેક્ટ બને છે. ઉપર લાઈટ ગ્લોસી ટોપ કોટ લગાડવાથી આ ડિઝાઈન વધારે આકર્ષક લાગે છે.



## ગ્લિટર અને સ્ટોન્સથી ફેસ્ટિવ લુક

જો તમે સ્વાતંત્ર્ય દિને કોઈ પાર્ટી કે ફંક્શનમાં જતાં હો તો ગ્લિટર નેલ આર્ટ પસંદ કરી શકાય છે. કેસરી અને લીલા ગ્લિટર સાથે સિલ્વર કે સફેદ રંગનું કોમ્બિનેશન નખને શાનદાર લુક આપે છે. નાના સ્ટોન કે મેટલિક સ્ટિકર લગાડીને ડિઝાઈનને વધારે આકર્ષક બનાવી શકાય છે.



## અશોકચક્ર ડિઝાઇન

સફેદ બેઝ પર નખની વચ્ચે ભૂરા રંગનું અશોક ચક્ર બનાવો. બાકીના નખને કેસરી અને લીલા રંગથી સજાવો.





## ફ્લાવર પેટર્ન

ત્રિરંગા રંગોથી ફૂલ, પાન અને ઈન્ડિયન ફ્લાવર ડિઝાઈન બનાવો. એ નેચરલ અને ખૂબસૂરત લુક આપે છે.

## જેલ નેલ્સ ડિઝાઇન

જેલ નેલ આર્ટ કરાવીને તમે તમારી દેશભક્તિવાળી નેલ ડિઝાઈનને લાંબો સમય રાખી શકો છો.

## ટિપ્સ

* નેલ આર્ટ કરતા પહેલાં નખ બરાબર સાફ કરી બેઝ કોટ લગાડો.
* ડિઝાઈન કર્યા બાદ ટોપ કોટ લગાડવાથી નેલપોલિશ લાંબો સમય રહે છે અને એનું લસ્ટર પણ જળવાઈ રહે છે.

## મિનિમલિસ્ટ નેલ આર્ટ

જેમને સિમ્પલ ડિઝાઈન ગમતી હોય તેમના માટે મિનિમલિસ્ટ નેલ આર્ટ સૌથી સારો વિકલ્પ છે.

ન્યૂડ કે ટ્રાન્સપરન્ટ બેઝ પર માત્ર એક નાનો ત્રિરંગો, અશોક ચક્ર કે કેસરી-લીલી સ્ટ્રાઈપ્સ કરવાથી સ્ટાઈલિશ લુક મેળવી શકાય છે. એ ઓફિસ અને કોલેજ માટે પણ પરફેક્ટ છે.

જો તમે નેલ્સ પર ઓવર ડુ કરવા માંગતાં ન હો તો માત્ર ટિપ્સને ત્રિરંગા રંગથી પેન્ટ કરો. આ બહુ સહેલી અને આસાન ડિઝાઈન છે.

